# છોટાઉદેપુર ખાતે ૭૨મા, પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઇ



છોટાઉદેપુરઃ તા. ૨૮

આઝાદી બાદ વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારત દેશે અપનાવેલી સંસદીય શાસન પ્રણાલી દુનિયામાં નિરાળી છે એમ રાજયના ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, પશુપાલન અને ગૌસંવર્ધન રાજયમંત્રી અને છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી મંત્રી બચુભાઇ ખાબડે જણાવ્યું હતું.

છોટાઉદેપુર જિલ્લાના વડામથક છોટાઉદેપુર ખાતે આવેલા ખુટાલિયા પરેડ ગ્રાઉન્ડ્માં આયોજીત ૭૨મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી દરમિયાન પ્રજાજોગ સંબોધન કરતા મંત્રી ખાબડે આઝાદી માટે શહીદ થયેલા શહીદવીરોને યાદ કરી તેમણે આઝાદીની ચળવળમાં સ્વાતંત્ર્યવીરોએ આપેલું યોગદાન અવિસ્મરણીય હોવાનું જણાવી હતું. વધુમાં તેમણે વાત કરતા જણાવ્યું હતું કે, ૨૬મી, જાન્યુઆરી ૧૯૫૦ના રોજ દેશનું બંધારણ અમલમાં આવ્યું હતું. ત્યારથી જ આપણો દેશ લોકતંત્ર તરીકે જાણિતો થયો છે એમ જણાવી તેમણે ગુજરાતના પનોતા પુત્ર એવા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઇ પટેલનું સ્મણર કરી દેશની આઝાદીની ચળવળમાં બલિદાન આપનાર શહીદવીરોના ગૌરવપૂર્ણ બલિદાનને યાદ કરી શહીદોના સપનાઓને ફળીભુત કરવા કટિબદ્ધ બનીએ એમ જણાવ્યું હતું.

ઉપરાંત તેમણે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને ટાંકતા તેમણે જણાવ્યું હતું કે, આપણા પ્રધાનમંત્રી કહે છે કે, દેશ માટે જાન કુરબાન કરવાનો મોકો આપણને નથી મળ્યો પરંતુ દેશ માટે કામ કરવાનો મોકો મળ્યો છે તો દેશ માટે કામ કરીએ એમ કહી મા ભારતી માટે ફના થવાની સ્વાતંત્ર્યવીરોની ભાવના અને ખુદ્દારીની તેમણે સરાહના કરી હતી. મંત્રી બચુભાઇએ આગળ વાત કરતા જણાવ્યું હતું કે, ગામ, નગર, મહાનગર, રાજય તથા દેશ માટે જનહિત જ સર્વોપરી છે એમ કહી તેમણે એકતામાં જ ખૂબ શક્તિ હોય છે જેની મિશાલ કોરોના કાળ દરમિયાન દેશના લોકોએ પુરી પાડી છે એમ જણાવી તેમણે કોરોના વાયરસ સામેની જંગમાં રાજય અને દેશે જે મકકમતાથી મુકાબલો કર્યો છે એ કાબિલે તારીફ છે એમ વધુમાં ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, રાજયની પ્રજાના સહયોગથી ગુજરાતમાં કોરોના વાયરસના દર્દીઓ ઘટી રહ્યા છે. રિકવરી રેટ પણ ૯૬ ટકાથી વધારે છે એમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે કોરોના વેકસિનની રસી શોધવા માટે દેશના વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવી તેમણે વૈજ્ઞાનિકોએ રસીની શોધ કરી દુનિયાને રાહ ચીંધી છે એમ જણાવી સરકારે વેકસિન સુરક્ષિત રાખવા, રસી આપવા માટે સુરક્ષિત રીતે રસીકરણનું આયોજન સરકારે કર્યું છે એમ ઉમેરી તેમણે પ્રથમ તબકકે ફ્રન્ટલાઇન કોરોના વોરિયર્સ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફને, બીજા તબકકામાં સુરક્ષાકર્મીઓ તથા સફાઇકર્મીઓને તથા ત્રીજા તબકકામાં વૃદ્ધોનું રસીકરણ કરવામાં આવશે એમ જણાવ્યું હતું. તેમણે કેબિનેટ મિશનથી બંધારણ ઘડતરની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જે આઝાદી બાદ સંવિધાન સભાના નામથી બંધારણ ઘડતરની પ્રક્રિયા શરૂ કરી હતી. દેશનું બંધારણ ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૮ દિવસમાં તૈયાર થયું હતું એમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે ડો. બાબાસાહેબ આંબેડકરે બંધારણની રચના કરી દેશમાં એકતા, અખંડિતતા અને સંપ્રભુતાનો પાયો નાંખ્યો છે એમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે જન જનના સહયોગથી ભવ્ય અને દિવ્ય ગુજરાત નિર્માણનું કાર્ય ગુજરાતે ઉપાડયું છે જેમાં સાડા છ કરોડ ગુજરાતીઓનો મકકમ પુરૂષાર્થ સામેલ છે એમ ઉમેર્યું હતું. કાર્યક્રમ દરમિયાન જિલ્લામાં રમત ગમત, શિક્ષણ, આરોગ્ય તેમજ અન્ય ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરનારાઓનું ટ્રોફી અને સન્માનપત્ર આપીને નવાજવામાં આવ્યા હતા.

જિલ્લા પોલીસ દ્વારા પરેડ અને માર્ચ પાસ્ટ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવા, રાજયસભા સાંસદ નારણભાઇ રાઠવા, જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી મિહિરભાઇ પટેલ, પોલીસ અધિક્ષક ધર્મેન્દ્રભાઇ શર્મા, અધિક નિવાસી કલેકટર કે.એસ.વસાવા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પી.એ.ગામીત, પ્રાયોજના વહીવટદાર વી.સી.ગામીત, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મહેશભાઇ ચૌધરી, શિક્ષણાધિકારી એસ.એલ.પવાર, માજી ધારાસભ્ય શંકરભાઇ રાઠવા, છોટાઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખ રશ્મિકાંત વસાવા,અન્ય વરિષ્ઠ અધિકારીઓ, પદાધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ચાર મહાનગરોમાં કોર્ટમાં પ્રત્યક્ષ સુનાવણીની અરજી ગુજરાત હાઇકોર્ટે ફગાવી

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૨૮

અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટની કોર્ટમાં પ્રત્યક્ષ સુનાવણી શરૂ કરવાની દાદ માગતી જાહેરહિતની અરજી હાઇકોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે આદેશ કર્યા બાદ અરજદારે દલીલ કરી હતી કે કોર્ટ શરૂ નહીં થાય તો મારે ફૂલ વેચવાના? રિક્ષા ચલાવવાની? ઘર ચલાવવા માટે શું કરવાનું?

અરજદારે એવી દલીલ કરી હતી કે તમામ તાલુકા અને જીલ્લા કક્ષાએ કોર્ટ શરૂ કરી દેવામાં આવી છે. ચાર મહાનગરોમાં શરૂ કરવાની મંજુરી આપો. ૧૦ માસથી નીચલી કોર્ટો બંધ રહેવાના કારણે રાજ્યના ૫૫ હજાર વકીલોની હાલત અત્યંત કફોડી બની ગઈ છે.

જો થોડા સમયમાં કોર્ટ શરૂ નહીં થાય તો અનેક વકીલોને રોજીરોટી માટે બીજો વ્યવસાય પસંદ કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે

કોર્ટના આદેશ બાદ વકીલે દલીલ કરતા કોર્ટે એવી ટકોર કરી હતી કે, તમારે શુ કરવાનું? તે અંગે ભાષણ પબ્લિક પ્લેટફોર્મ પર જઇને આપવાનું. કોર્ટે નારાજગી દર્શાવીને એવી પણ ટકોર કરી હતી કે, તમે અરજીમાં જુદા-જુદા મુદ્દા લઇ આવ્યા છો. તમને જ ખબર નથી કે તમારી કોર્ટ સમક્ષ અરજી શું છે? જેલના કેદીઓ વિશે વાત કરો છો, કોર્ટ ખોલવા દલીલ કરો છો કે સોશિયલ ડીસ્ટન્સનું પાલન કરવાની વાત કરો છો? કોઇ મુદ્દા વચ્ચે સંકલન નથી.

# ભૂકંપની આપદાને પોંહચી વળવા માટે ઓનલાઈન તાલીમ અને ટેબલ ટોપ એકસરસાઈઝ યોજાઈ

વડોદરા તા.૨૮

ભૂકંપની આપદાને પોંહચી વળવા માટે ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, ગાંધીનગર દ્વારા આયોજિત ઓનલાઈન આઈઆરએસ તાલીમ અને ટેબલ ટોપ એક્સસાઈઝમાં વડોદરાથી કલેક્ટર શ્રીમતી શાલિની અગ્રવાલ જોડાયા હતા. આ તાલીમમા GSDMA, NDRF, SDRF, આરોગ્ય, ગૃહ સહિતના વિભાગ દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરવામા આવ્યા હતા. તેમજ દિલ્હી ખાતેથી જોડાયેલા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સલાહકાર વી.કે. દત્તાએ મધરાત્રે આવેલા ભૂકંપની સ્થિતિ અંગે રાજ્યના કચ્છ, જામનગર જિલ્લાના અધિકારી, GSDMAના ઉચ્ચ અધિકારી અને આર્મી,એરફોર્સ વગેરે એજન્સીઓના પ્રતિભાવો મેળવ્યા હતા. સાથે જ દત્તાએ દરેક જિલ્લા દ્વારા ડિસ્ટ્રીક્ટ ડિઝાસ્ટર પ્લાન અદ્યતન કરવા સૂચન કર્યું હતુ.

આ ઓનલાઈન તાલીમ અને ટેબલટોપ એકસરસાઈઝમાં વડોદરા ખાતેથી પોલીસ, આર.ટી.ઓ., એમ.જી.વી.સી.એલ. આરોગ્ય, અગ્નિશમન સહિતના વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# વિશેષ કામગીરી કરનારા કેમ્પસ એમ્બેસેડરને પ્રોત્સાહિત કરવામાં આવ્યા



વડોદરા તા.૨૮

રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી ના ભાગ રૂપે વિશેષ અને ઉલ્લેખનીય કામગીરી કરનારા કેમ્પસ એમ્બેસેડેર્સ ને પ્રોત્સાહિત કરવામાં આવે છે.નોંધ લેવી ઘટે કે આ વ્યવસ્થા હેઠળ વિદ્યાધામો માં મતદાર તરીકે નામ નોંધણી કરાવવા માટે અને ચૂંટણી સમયે અચૂક મતદાન કરવા માટે યુવા સમુદાયમાં જાગૃતિ કેળવવાનું કામ આ લોકો કરે છે.

જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા ૨૦૨૦ ના શ્રેષ્ઠ કેમ્પસ એમ્બેસેડર તરીકે રાવપુરા વિભાગના જેનેશ ડાભી અને ઉર્વી રાણા પસંદ કરાયા છે.જ્યારે કરજણ વિધાનસભા પેટા ચૂંટણી સમયે શ્રેષ્ઠ મતદાર જાગૃતિ પોસ્ટર બેનરના આલેખન માટે ભૌતિક વામજા અને ચૂંટણી સંબંધિત કોવિડ તકેદારીના વિષયમાં ઉમદા કામગીરી માટે ડો.પ્રિયંકા પંડ્યા ને બિરદાવવા માં આવ્યા છે.

# છોટાઉદેપુર નગરમાં પાલિકા સદસ્યો દ્વારા મુકાયેલ અવિશ્વાસમાં રાજકીય મોટા પક્ષો નિમિત્ત બનશે

(પ્રતિનિધિ)છોટાઉદેપુર,તા.૨૮

છોટાઉદેપુર નગરપાલિકાના વિવિધ પક્ષના ચૂંટાયેલા ૨૮ સદસ્યો પૈકી ૨૫ સદસ્યોએ અગાઉ પક્ષના મોવડીઓની મંજુરી કે પૂર્વ મંજુરી વિના એકબીજાના કટ્ટર હરીફ કોંગ્રેસ ભાજપ સહિતનાઓએ વર્તમાન પાલિકા પ્રમુખ નરેન જયસ્વાલ સામે અવિશ્વાસ પ્રસ્તાવ ઉપર સહી કરી ૧૮ જાન્યુઆરી -૨૦૨૧ નાં રોજ નગરપાલિકા મુખ્ય અધિકારી શીવહરી શર્માને સામુહિક આપી હતી દેશની બે કટ્ટર હરીફ પક્ષ ભાજપ કોંગ્રેસનાં સદસ્યો પણ સાથે રહીને આપી હતી જે આશ્ચર્ય પમાડે તેવી હતી એટલે આવા ચિત્રો જોઈ આમ જનતા આવા લોકો ઉપરથી વિશ્વાસ ઉઠાવી ચુકીછે કે પોતાના અંગત સ્વાર્થ માટે આવા લોકો એક થઇ જાયછે અને જે પ્રજાએ જે વિશ્વાસથી જે પ્રતિક માટે મત આપ્યા તેનો દુરુપયોગ કરી મતદારો સાથે વિશ્વાસઘાત કર્યોછે પ્રજાના વિકાસ માટેનું આળ આપી ખોટો પ્રચાર અને કારણ આપી આ કામ કરતા આ વિવાદ બંને પક્ષે કોર્ટમાં ઊભાછે વિકાસની ફરિયાદ આ સદસ્યોની ખોટી છે એ સનાતન છે કારણ કે નગરમાં હાલ જાહેર રસ્તા ,ચેકડેમ,તળાવ બ્યુટીફીકેશન,સરદાર ગાર્ડન નવીનીકરણ,પાણીની ટાંકીઓ ,સંપ,સ્મશાન માં નવીનીકરણ ,જેવા કરોડોના કામ હાલ ચાલી રહ્યાછે સભ્યો પૈકી લોક ચર્ચા મુજબ કોઈને ખુરશી નિમિત્ત તો કોઈને ઈર્ષા નિમિત્ત તો વળી મમ મમની બદદાનત તો કોઈને પદ જોઈએ આવી અંગત લડાઈ નિમિત્ત છે અને રાજકીય મોટા પક્ષોનાં દિગ્ગજ નેતાઓ સુધી ફરિયાદો મોડી પહોચતા તેઓ પણ આશ્ચર્ય ચકિત થયા હતા ઘણા નેતાઓને ખબર પણ નથી કે તેઓના પક્ષના સદસ્યોએ આવુ કઈક કર્યુ છે એમના સુધી અવિશ્વાસની વાત અગાઉથી પહોંચી નહતી અને પાછળથી ખબર પડતા તેઓ પણ આશ્ચર્યચકિત થયા હતા અને આંતરિક મતભેદો સર્જાયાનાં સમાચાર સર્જાયા હતા અને હજુ પણ બંને પક્ષ પોતાના વિશ્વાસ ઉપર અડગ છે હવે આગળ શું થશે એતો આવનાર સમય બતાવશે .કોનો વિજય અને કોણ પરાસ્ત થશે એના પછીની સ્થિતિ વ્હીપ.. વ્હીપ વિરુધ્ધ મતદાન કરનાર સામે..પક્ષાન્તર અધિનિયમ-૧૯૮૬ મુજબ કાનૂની લડાઈ..આગળના બે વર્ષમાં પણ આવી સ્થિતિનુ પુનઃ નિર્માણ જેવી સ્થિતિ નુ નિર્માણ આ બધુ બનવાની શક્યતા નકારી શકાય નહી... બધી લડાઈ સત્તા.. ખુરશી... અભિમાન... બદલાની ભાવના.. મમ મમ વિગેરેની છે એ પ્રજા નોંધે...

# વાયરસ હોય કે સરહદ પર પડકાર ભારત દરેક સ્થિતિ સામે લડવા તૈયાર : મોદી

ન્યુ દિલ્હી,તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ગુરુવારે રાષ્ટ્રીય કેડેટ કોરના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ દરમિયાન ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું. મોદીએ સંબોધન કરતાં કહ્યું કે ભારત વાયરસ અથવા સરહદના પડકાર સામે કાર્યવાહી કરવામાં સક્ષમ છે. ગયા વર્ષે ભારતે બતાવ્યું હતું કે ભારત દરેક મોરચે સક્ષમ છે. આજે આપણે વેક્સિન બાબતે પણ આત્મનિર્ભર છીએ. આ સાથે જ સેનાને મજબુત બનાવવાના પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.વડાપ્રધાન મોદીએ ગુરુવારે એનસીસીના કાર્યક્રમમાં સબોધન કર્યું હતું. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે એનસીસીની ભૂમિકાનો વિસ્તાર કરવામાં આવશે. દરિયાઈ સરહદોની સુરક્ષા સાથે જોડાયેલા નેટવર્કને મજબૂત બનાવવા માટે એનસીસીની ભાગીદારી વધારવામાં આવી રહી છે. આ માટે એક લાખ કેડેટ્સને તાલીમ આપવામાં આવી રહી છે. સરકાર તરફથી પણ એનસીસીના કેડેટ્સની તાકાત વધારવામાં આવી રહી છે.મોદીએ સંબોધન કરતાં જણાવ્યુ હતું કે અહીં આવીને હંમેશા સુખ ભર્યો અનુભવ થાય છે. સમગ્ર દેશ તમારા પર ગર્વ કરી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે દેશમાં જ્યાં પણ કોઈ મહત્વપૂર્ણ કાર્ય થાય છે, ત્યાં એનસીસી કેડેટ ત્યાં હંમેશા પહોંચે છે, અને સંકટ સમયે મદદ કરવા માટે પણ આવે છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે બંધારણમાં નાગરિકોની ફરજની વાત કરવામાં આવી છે,તેનું પાલન કરવું દરેક નાગરિકની ફરજ છે. દેશમાં એક સમયે નક્સલવાદ એક મોટી સમસ્યા હતી, પરંતુ લોકોની જાગૃતિને કારણે નક્સલવાદની કમર તૂટી ગઈ હતી.વડાપ્રધાન મોદીએ સંબોધન કરતાં કહ્યું કે ગયા વર્ષે બતાવ્યું છે કે તે વાઈરસ હોય કે સરહદી બાબતના પડકાર, ભારત તેની સામે લડવા સંપૂર્ણ રીતે તૈયાર છે. આજે દેશમાં બે સ્વદેશી વેક્સિન બનાવવામાં આવી છે, સેનાનું આધુનિકીકરણ પણ કરવામાં આવી રહ્યું છે. દેશને વધુ બે રાફેલ મળી ગયા છે, જે હવામાં જ રિફ્યુઅલ કરી શકે છે.

# વડોદરાના ડભાસા ગામના તળાવ કિનારે

# ૨૦ પક્ષીઓના રહસ્યમય મોત, પક્ષીઓના સેમ્પલ તપાસ માટે ભોપાલ મોકલાશે

વડોદરા,તા.૨૮

બર્ડ ફ્લૂની દહેશત વચ્ચે વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ડભાસા ગામના તળાવના કિનારે વિહરતા ૨૦ જેટલા પક્ષીઓના એક સાથે મોત થતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ બનાવની જાણ પાદરા વન વિભાગ અને જીવદયા સંસ્થાઓને થતાં તુરંત જ ટીમો સ્થળ ઉપર પહોંચી ગઈ હતી અને આ મામલે તપાસ શરૂ કરી છે. વડોદરા અને ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં બર્ડ ફ્લૂની દહેશત જોવા મળી રહી છે. ત્યારે આજે પાદરા તાલુકાના ડભાસા ગામના તળાવના કિનારે વિહરતા ૨૦ જેટલા પક્ષીઓ ટપોટપ મરી જતા ચકચાર મચી ગઇ હતી. તળાવના કિનારે વિહરતા પક્ષીઓ મરી ગયા હોવાની વાત વાયુવેગે ગામમાં પ્રસરી જતા ગ્રામજનોના ટોળેટોળા તળાવના કિનારે ઉમટી પડ્યા હતા. દરમિયાન આ બનાવની જાણ પાદરા વન વિભાગને કરવામાં આવતા તુરંત જ વન વિભાગની એક ટીમ ડભાસા ખાતે રવાના થઈ હતી. આ સાથે જીવદયા સંસ્થાને પણ આ બનાવની જાણ થતાં ડભાસા ખાતે દોડી ગયા હતા. વન વિભાગ દ્વારા પક્ષીઓના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે પક્ષીઓના પોસ્ટમોર્ટમ કરવાની સાથોસાથ પક્ષીઓના સેમ્પલ તપાસ માટે ભોપાલ ખાતે મોકલી આપવાની તજવીજ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે બર્ડ ફ્લૂની દહેશત વચ્ચે ડભાસા તળાવના કિનારે મરી ગયેલા ૨૦ પક્ષીઓ વાઇટ કાકણસાર હોવાનું વન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. આ પક્ષીઓના મોત કેવી રીતે નીપજ્યા અંગે વન વિભાગે પોસ્ટમોર્ટમ રિપોર્ટ તેમજ બર્ડ ફ્લૂના રિપોર્ટની રાહ જોવા માટે જણાવ્યું હતું. ડભાસા ગામના તળાવના કિનારે મરી ગયેલા પક્ષીઓને પગલે ગ્રામજનોમાં બર્ડ ફ્લૂની દહેશતને લઇ ભારે ગભરાટ ફેલાઇ ગયો હતો. વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં મરી ગયેલા કાગડાઓમાં બર્ડ ફ્લૂના લક્ષણો જણાઇ આવ્યા હતા. ત્યાર બાદ એક પણ જગ્યાએથી મરી ગયેલા પક્ષીઓમાં બર્ડ ફ્લૂની અસર જોવા મળી નથી, ત્યારે આજે પાદરા તાલુકાના ડભાસા ગામના તળાવના કિનારે વાઈટ કાકણસાર પક્ષીઓ મૃત હાલતમાં મળી આવતા પુનઃ એકવાર પાદરા તાલુકામાં બર્ડ ફ્લૂની દહેશત લોકોમાં જોવા મળી હતી.

## આગ બુઝાવવાની કામગીરી વેળાએ ફાયરનું વાહન ખાડામાં ખાબકયું

વડોદરા, તા.૨૮

કારમાં લાગેલી આગને કાબુમાં લેતી વખતે ફાયર બ્રિગેડનું ફાયર ફાઇટર સ્થળ પરના બાજુના ખાડામાં ખાબકતા અકસ્માત સર્જાયો હતો.

સિંઘ રોડના મહાવેલી રોડ (મહેવલી રિસોર્ટ) ખાતે ગત રાત્રીના સમયે એક ગાડીમા આગ લાગી હતી. બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયર બ્રિગેડનો સ્ટાફ તાત્કાલીક અહીં ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ફાયરના જવાનો દ્વારા આગ બુઝાવવાની કામગીરી ચાલતી હતી તે વેળાએ અચાનક ફાયર બ્રિગેડનું ટેન્કર બનાવ સ્થળની બાજુમાં આવેલા ખાડામાં ખાબકયું હતું અને આ સાથે જ ટેન્કર ઓટોમેટીક લોક થઇ ગયું હતું. જો કે સદનસીબે આગ બુઝાવવાની કામગીરી કરતા જવાનોનો આબાદ બચાવ થયો હતો.


**SHILCHAR TECHNOLOGIES LIMITED**

SHILCHAR

Regd. Office & Works: Bil Road, Bil 391 410,Vadodara.Gujarat,India
Works : Near Muval Sub Station, Padra Jambusar Highway, Gavasad, Vadodara-391430. Phone: (0265) 268 0466, 268 0566
Fax: (0265) 268 0611 Email: info@shilchar.com Website: shilchar.com
CIN: L29308GJ1986PLC008387

**NOTICE**

Notice, Pursuant to Regulation 47 and other applicable Regulations of the SEBI Listing Obligations and Disclosure Requirements Regulations, 2015, is hereby given that a Meeting of the Board of Directors of the Company will be held on Monday, 1st February, 2021 inter - alia to consider and approve Unaudited Financial Results of the Company with limited review report for the third quarter ended on 31.12.2020 if any, and other related matters thereto.

The information contained in this notice is also available on the Company's website www.shilchar.com as also on the website of the Bombay Stock Exchange Limited www.bseindia.com.

For **Shilchar Technologies Limited**
Niki Tiwari
Company Secretary

Place : Vadodara
Date : 23.01.2021



**JINDAL HOTELS LTD.**
(CIN No.: L18119GJ1984PLC006922)
Regd. Office : Grand Mercure Vadodara Surya Palace, Sayajigunj, Vadodara - 390020. Tel : 0265-2363366.
Email : share@suryapalace.com,
Website : www.suryapalace.com

**BOARD NOTICE**

Pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Jindal Hotels Ltd. has informed BSE that a meeting of the Board of Directors of the Company will be held on **Tuesday, 9th February, 2021,** amongst others to consider and approve Unaudited Financial Results for the 3rd Quarter ended on December 31st, 2020 and other agenda items. The said Notice may be accessed on Company's website and also on BSE website: www.bseindia.com.

By order of Board of Directors of Jindal Hotels Ltd.

Place: Baroda Karuna Advani
Date: 28.01.2021 Company Secretary



**SHAILY**
Engineering Plastics Ltd

CIN : L51900GJ1980PLC065554
Regd Office : Survey No. 364 / 366, At & PO Rania, Taluka Savli, Dist; Vadodara - 391780.
Phone : 02667 - 244307 / 361 Fax : 02667 - 244372
Email : investors@shaily.com Visit us : www.shaily.com

**Notice of Board Meeting**

**Notice is hereby given that** pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, meeting of the Board of Directors of the Company is scheduled to be held on **Saturday, 06th February, 2021,** interalia, to consider, approve and take on record the Unaudited Financial Results of the Company for the quarter & nine months ended on 31st December, 2020.

The information of the above notice is also available on the website of the Company www.shaily.com and also on the Stock Exchange i.e. www.bseindia.com

Place : Vadodara On behalf of the Board of Directors
Date : 28.01.2021 Executive Chairman



INEOS STYROLUTION

**INEOS STYROLUTION INDIA LIMITED**
CIN : L25200GJ1973PLC002436
**Registered Office:** 5th Floor, OHM House - II, OHM Business Park, Subhanpura, Vadodara - 390 023, Gujarat. **Tel. :** +91 (265) 2303201 **Fax :** +91 (265) 2303203
**Email :** INSTY.secshare@ineos.com | **Website :** www.ineosstyrolutionindia.com

**NOTICE**

In compliance with provisions of Regulation 47, read with Regulation 29, of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015, notice is hereby given that a meeting of Board of Directors of the Company will be held on **Wednesday, February 10, 2021,** to, inter alia, approve the Unaudited Financial Results of the Company for the third quarter ended on December 31, 2020.

The said notice is also available on the website of the Company at www.ineosstyrolutionindia.com as well as on the websites of Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com, where the equity shares of the Company are listed.

By order of the Board
**For INEOS Styrolution India Limited**
Sd/-
**Abhijaat Sinha**
Head - Legal & Company Secretary

Date: 29th January, 2021
Place: Vadodara



**સ્પેશિયલ ટ્રેનોની ૯ જોડીનો વધારો**



**વેસ્ટર્ન રેલ્વેએ નીચે મુજબની ૯ જોડીની ખાસ ટ્રેનોને લંબાવાનો નિર્ણય લીધો છે, જેમાં ૭ જોડી વેસ્ટર્ન રેલ્વે ઉપરથી શરૂ / સમાપ્ત થશે અને ૨ જોડી વેસ્ટર્ન રેલ્વેથી પસાર થશે. વિગતો નીચે આપેલ છે:**

| ટ્રેન નં. | કયાથી ઉપડશે અને કયા પહોંચશે | વિસ્તૃત (ક્યારથી ક્યારે) |
|---|---|---|
| ૦૨૯૮૯ | દાદર - અજમેર (સુપરફાસ્ટ ત્રિ-સાપ્તાહિક) | ૦૪.૦૨.૨૧થી ૦૧.૦૪.૨૧ |
| ૦૨૯૯૦ | અજમેર - દાદર (સુપરફાસ્ટ ત્રિ-સાપ્તાહિક) | ૦૩.૦૨.૨૧થી ૩૧.૦૩.૨૧ |
| ૦૯૭૦૭ | શ્રીગંગાનગર - બાંદ્રા ટર્મિન્સ (સ્પેશિયલ દરરોજ) | ૦૩.૦૨.૨૧થી ૦૨.૦૪.૨૧ |
| ૦૯૭૦૮ | બાંદ્રા ટર્મિન્સ - શ્રીગંગાનગર (સ્પેશિયલ દરરોજ) | ૦૧.૦૨.૨૧થી ૩૧.૦૩.૨૧ |
| ૦૨૪૭૪ | બાંદ્રા ટર્મિન્સ - બીકાનેર (સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૨.૦૨.૨૧થી ૩૦.૦૩.૨૧ |
| ૦૨૪૭૩ | બીકાનેર - બાંદ્રા ટર્મિન્સ (સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ) | ૦૧.૦૨.૨૧થી ૨૯.૦૩.૨૧ |
| ૦૨૪૯૦ | દાદર - બીકાનેર (સુપરફાસ્ટ દ્વિ-સાપ્તાહિક) | ૦૩.૦૨.૨૧થી ૩૧.૦૩.૨૧ |
| ૦૨૪૮૯ | બીકાનેર - દાદર (સુપરફાસ્ટ દ્વિ-સાપ્તાહિક) | ૦૨.૦૨.૨૧થી ૩૦.૦૩.૨૧ |
| ૦૪૮૧૮ | દાદર - ભગતની કોઠી (દ્વિ-સાપ્તાહીક સ્પેશિયલ) | ૦૨.૦૨.૨૧થી ૩૦.૦૩.૨૧ |
| ૦૪૮૧૭ | ભગતની કોઠી - દાદર (દ્વિ-સાપ્તાહીક સ્પેશિયલ) | ૦૧.૦૨.૨૧થી ૨૯.૦૩.૨૧ |
| ૦૬૩૩૭ | ઓખા - એર્નાકુલમ (દ્વિ-સાપ્તાહીક સ્પેશિયલ) | ૦૬.૦૨.૨૧થી ૦૩.૦૪.૨૧ |
| ૦૬૩૩૮ | એર્નાકુલમ - ઓખા (દ્વિ-સાપ્તાહીક સ્પેશિયલ) | ૦૩.૦૨.૨૧થી ૩૧.૦૩.૨૧ |
| ૦૬૭૩૪ | ઓખા - રામેશ્વરમ (સાપ્તાહીક સ્પેશિયલ) | ૦૯.૦૨.૨૧થી ૩૦.૦૩.૨૧ |
| ૦૬૭૩૩ | રામેશ્વરમ - ઓખા (સાપ્તાહીક સ્પેશિયલ) | ૦૫.૦૨.૨૧થી ૨૬.૦૩.૨૧ |

**ટ્રેન નંબર ૦૨૯૮૯, ૦૯૭૦૭, ૦૨૪૭૪, ૦૨૪૯૦, ૦૪૮૧૮, ૦૬૩૩૭ અને ૦૬૭૩૪નું બુકીંગ ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૧થી નામાંકિત પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત બધી ટ્રેન સંપૂર્ણ રીતે આરક્ષિત ટ્રેનોના રૂપમાં ચાલશે.**

**પશ્ચિમ રેલ્વેમાંથી પસાર થતી ટ્રેનો**

| | | |
|---|---|---|
| ૦૨૯૩૯ | પૂણે - જયપુર સ્પેશિયલ | ૦૩.૦૨.૨૧થી ૩૧.૦૩.૨૧ |
| ૦૨૯૪૦ | જયપુર - પૂણે સ્પેશિયલ | ૦૨.૦૨.૨૧થી ૩૦.૦૩.૨૧ |
| ૦૬૦૬૭ | ચેન્નઇ - જોધપુર (સુપરફાસ્ટ સાપ્તાહીક સ્પેશિયલ) | ૦૬.૦૨.૨૧થી ૨૭.૦૩.૨૧ |
| ૦૬૦૬૮ | જોધપુર - ચેન્નઇ (સુપરફાસ્ટ સાપ્તાહીક સ્પેશિયલ) | ૦૮.૦૨.૨૧થી ૨૯.૦૩.૨૧ |

**ટ્રેન સંબંધિત વિગતવાર સમય માટે કૃપા કરીને મુલાકાત www.enquiry.indianrail.gov.inની કરો**

- કન્ફર્મ ટિકિટ હોય તે જ મુસાફરો આ ખાસ ટ્રેનોમાં પ્રવાસ કરી શકશે.
- મુસાફરોને બોર્ડિંગ દરમિયાન, મુસાફરી દરમિયાન અને મુકામ પર કોવિડ-૧૯થી સંબંધિત તમામ ધોરણો અને એસઓપીએસનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે.

**પશ્ચિમ રેલ્વે**
www.wr.indianrailways.gov.in
અમને પસંદ કરો : facebook.com/WesternRly
અમને ફોલો કરો : twitter.com/WesternRly

**બધી આરક્ષિત ટિકીટો માટે ઓળખપત્ર સાથે રાખો.**